सत्यमेव जयते

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/પરચ/૨૦૨૦/૯૫ તા.૨૫/૦૨/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી,ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
વિજ્ઞાન પ્રવાહ ધરાવતી શાળાઓ તમામ
ભાવનગર

વિષય : સામાજિ અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધો.૧૧-૧૨, વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને NIIT, JEE, GUJCET ની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચીંગ પેટે સહાય.

સંદર્ભ : જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિની કચેરી, ભાવનગરના પત્રાંક : વિજાક/જનરલ/૧૯-૨૦/૩૯૮ તા.૨૪/૦૨/૨૦૨૦

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સામાજિ અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધો.૧૧-૧૨, વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને NIIT, JEE, GUJCET ની પરીક્ષાની પૂર્વ તૈયારીની સહાય માટે સંદર્ભિત પત્રમાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે. શાળાઓએ અરજી ફોર્મનો નમૂનો જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિની કચેરી, ભાવનગરમાંથી મેળવવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના અમલવારી સારૂ:</u>
શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી-સદર કચેરી

Scanned by CamScanner

જિલ્લા નાયબ નિયામક, વિકસતી જાતિની કચેરી,

જિલ્લાસેવાસદન–૨, જી–૬, એનેક્ષી બિલ્ડીંગ, ભાવનગર

ફોનનં.(૦૨૭૮) ૨૪૨૨૬૯૬ ઈ–મેઈલ : dydir-dc-sw-bav@gujarat.gov.in


નં. વિજાક/જનરલ/૧૯–૨૦/ ૩૯૮ તા. ૨૪ / ૦૨ / ૨૦૨૦

:: **પરિપત્ર** ::

પ્રતિ,
આચાર્યશ્રી,(તમામ)
.........................................
.........................................
.........................................

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
ભાવનગર
આવક નં...... ૯૯૯
તારીખ : ...... ૨૫/૨/૨૦
શાખા : ......

**વિષય**:- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધોરણ-૧૧/૧૨, વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને NIIT, JEE, GUJCETની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચીંગ પેટે સહાય.

સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૦૨૦૧૩/NB-૩૪૧/અ.૧ તા.૦૬/૦૮/૨૦૧૪ તથા ઠરાવ ક્રમાંક: સશપા/૧૦૨૦૧૩/NB-૩૪૧/અ.૧ તા.૨૯/૧૦/૨૦૧૪ના ( નકલ સામેલ છે.) સુધારા ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ધોરણ-૧૧/૧૨, વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને NIIT, JEE, GUJCET ની પરિક્ષાની પુર્વ તૈયારી માટે કોચીંગ સહાય, ધોરણ-૧૦ માં ૭૦% કે તેથી વધુ ટકાવારી અને આવક મર્યાદાને ધ્યાને લીધા સિવાય તેમજ ધોરણ-૧૦ માં ૮૦% અને રૂા.૪.૫૦ લાખની આવક મર્યાદા ધ્યાને લઈ આર્થિક રીતે પછાતવર્ગની કન્યાઓ માટે રૂા.૨૦,૦૦૦/- ની મર્યાદામાં કોચીંગ સહાય આપવાની યોજના અમલમાં છે.

સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/ એનબી-૩૪૧/અ.૧ તા.૦૨/૦૧/૨૦૨૦ ના (નકલ સામેલ છે.) ઠરાવથી આયોજનાના સુચારૂ અમલ તેમજ પારદર્શિતા સાથે લાભાર્થીઓને રાજ્ય સરકારની નીતિ મુજબ DIRECT BENEFIT TRANSFER એટલે કે સહાયની રકમ સીધીજ વિદ્યાર્થીઓના બેન્ક ખાતામાં જમા થાય તે મુજબની પધ્ધતિ પ્રમાણે જિલ્લા કક્ષાએથી જ આવી અરજીઓ મેળવી માર્ચ-૨૦૨૦ સુધીમાં વધુમાં વધુ લાભાર્થીઓને સહાય મળે તે મુજબની સુચના આપવામાં આવે છે.

(૧) તા.૦૨/૦૧/૨૦૨૦ ના ઠરાવ મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધોરણ-૧૧/૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને ધોરણ-૧૦ માં ૭૦% કે તેથી વધુ ગુણ ધરાવનારને આવક મર્યાદા ધ્યાને લીધા સીવાય, જ્યારે આર્થિક રીતે પછાતવર્ગની ધોરણ-૧૧/૧૨ વિજ્ઞાનપ્રવાહની કન્યાઓને ધોરણ-૧૦ માં ૭૦% કે તેથી વધુ ગુણ અને તેના માતા/પિતા/કુટુંબની કુલ રૂા.૪.૫૦ લાખની વાર્ષિક આવક ધ્યાને લઈ ઠરાવની શરતો પ્રમાણે NIIT, JEE, GUJCET ની પરિક્ષાની પુર્વ તૈયારી માટે કોચીંગ સહાય સંસ્થામાં ભરેલ ફી અથવા વધુમાં વધુ રૂા.૨૦,૦૦૦/- બે પૈકી ઓછી કોચીંગ સહાય DIRECT BENEFIT TRANSFER સહાયની રકમ સીધીજ વિદ્યાર્થીઓના બેન્ક ખાતામાં જમા કરવાની / ચૂકવવાની રહેશે.




Scanned by CamScanner

(૨) તા.૦૨/૦૧/૨૦૨૦ ના ઠરાવ મુજબ ઉક્ત ધોરણ-૧૧/૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ જે સંસ્થામાં પ્રવેશ મેળવેલ હોય, તેવી સંસ્થાઓ સરકારશ્રીના નિયમો મુજબ રજીસ્ટ્રેશન થયેલી, જી.એસ.ટી.નંબર ધરાવતી, ઇન્કમટેક્ષ તથા જરૂરી ઓડિટ રીપોર્ટસ ધરાવતી હોય અને NIIT, JEE, GUJCET ની આવી પરિક્ષા માટેનો ઓછામાં ઓછો ત્રણ(૩) વર્ષ અનુભવ ધરાવતી હોવી જોઇએ.

(૩) ધોરણ-૧૧/૧૨ વિજ્ઞાન પ્રવાહના બંને વર્ષ માટે આ સહાય ફક્ત એક જ વાર મળવાપાત્ર છે. વિદ્યાર્થીઓને જે માન્ય સંસ્થાઓમાં પ્રવેશ મેળવેલ હોય તેમાં ઓછામાં ઓછી છ માસની કોચીંગ ક્લાસમાં ફરજીયાત હાજરી આપવાની રહેશે. તેમજ હાજરીની વિગતો અરજી સાથે રજુ કરવાની રહેશે. જિલ્લા અધિકારી લઘુતમ ત્રણ(૩) માસની તાલીમના અંતે કોચીંગ સહાય ચૂકવી શકશે.

આ અંગે નિયત નમુનાનું અરજી પત્રક તેની સાથે અરજદારનું પ્રમાણપત્ર તેમજ જે સંસ્થા તાલિમ આપતી હોય તેનું જરૂરી પ્રમાણપત્ર તથા અરજી સાથે વિદ્યાર્થીએ રજુ કરવાના થતા ૧ થી ૧૦ પુરાવાઓ રજુ કરવાના રહેશે.

બિડાણઃ અરજી ફોર્મ નમુનો

જિલ્લા નાયબ નિયામક
વિકસતિ જાતિ ભાવનગર

**નકલ સવિનય રવાના:**

૧. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ.

**નકલ રવાનાઃ-**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર.(તમામ સરકારી/ગ્રા.ઈ.એ. અને સ્વનિર્ભર શાળાઓને આપના માધ્યમથી મોકલવા વિનંતી )

Scanned by CamScanner